# ઑન્ટેરિયોમાં વ્યવસાયો માટે નિયમનકારી આવશ્યકતાઓ

એક વ્યવસાય ના માલિક તરીકે તમારી ફરજો, અને ઑન્ટારિયોમાં રોજગાર આપનાર અને કર્મચારીઓ બંનેના અધિકારો અને જવાબદારીઓને સમજો

## દરેક વ્યવસાયો માટે નિયમો અને નીતિઓ

### રોજગાર અધિનિયમ ના ધોરણો

લઘુત્તમ વેતન, કામના કલાકોની મર્યાદા, નોકરી માંથી કાઢી મૂકવા, નોકરી-સંરક્ષણમાટેની રજા અને વગેરે ને લગતા નિયમોને સમજો.

### વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા કાયદો

કાર્યસ્થળ પરના દરેકના કર્તવ્યો અને અધિકારોને જાણો, અને કાર્યસ્થળ પર રહેલા જોખમો નો સામનો કેવી રીતે કરવો તે વિશે જાણો.

### કર અને લાભ

તમે ખાતરી કરો કે તમે કરવેરાના નિયમોનું પાલન કરો છો અને વ્યવસાયો માટે ઑન્ટારિયો ટેક્સ ક્રેડિટ્સ અને એમ્પ્લોયર હેલ્થ ટેક્સ (નોકરીદાતાઓ દ્વારા ચૂકવવામાં આવતો પેરોલ ટેક્સ) વિશે જાણો છો.

### વિકલાંગો માટેના સુલભ કાયદા

ઑન્ટેરિયોમાં કાયદા અને ધોરણો છે જે તેને દરેક માટે વધુ સમાવિષ્ટ બનાવે છે. તમારા વ્યવસાય માટેની સુલભ જરૂરિયાતો અને ધોરણો સુલભ રિપોર્ટ કેવી રીતે પૂર્ણ કરવો તે વિશે જાણો.

## ચોક્કસ વ્યવસાયો માટે નીતિ અને નિયમો

### વ્યવસાયો માટે ગ્રાહક સુરક્ષા પર માહિતી

ગ્રાહક સુરક્ષા કાયદાઓનું પાલન કેવી રીતે કરવું અને ગ્રાહક ની ફરિયાદોને કેવી રીતે અટકાવવી તે જાણો.

### કૃષિ અને ખોરાકને લગતા કાયદા

કૃષિ-ખોરાકના વ્યવસાયોએ ખાદ્ય સુરક્ષા અને કૃષિ કાયદાઓનું પાલન કરવાની જરૂર છે. માંસ ના પ્લાન્ટ્સ ને લાઇસન્સ મળવું જોઈએ અને માંસ ની પ્રક્રિયાને સંચાલિત કરતા ચોક્કસ કાયદા અને નિયમોનું પાલન કરવું જોઈએ.

### પર્યાવરણ સંબંધિત પરવાનગીઓ

તમારા વ્યવસાયને જરૂરી હોઈ શકે તેવી વિવિધ પ્રકારની પર્યાવરણીય પરવાનગીઓ શોધો અને તેના માટે કેવી રીતે અનુસરવું તે જાણો.

### પ્રાણી કલ્યાણ

જે વ્યવસાયો તેમના પરિસર માં પ્રાણીઓ ધરાવે છે *તેઓએ પ્રાંતીય પશુ કલ્યાણ સેવા અધિનિયમનું પાલન કરવું આવશ્યક છે.*

### વ્યાવસાયિક વાહનો

વ્યાવસાયિક વાહનો, જેમ કે ટ્રક અથવા બસ ચલાવવા માટે જરૂરી પરમિટ અને લાયસન્સ કેવી રીતે મેળવવું તે જાણો.

### ઑન્ટારિયો બિલ્ડીંગ કોડ

તમારો વ્યવસાય તમામ જરૂરી બિલ્ડિંગ ના નિયમોનું પાલન કરે છે તેની ખાતરી કરવા ઑન્ટેરિયોના બિલ્ડીંગ કોડનું અન્વેષણ કરો.

### ઉત્તરીય ઑન્ટારિયોમાં વ્યવસાય

શું તમે ઉત્તરી ઑન્ટેરિયોમાં કાર્યરત છો? ઉપલબ્ધ વ્યવસાય ને ટેકો આપતી સેવાઓ, અનુદાન અને લોન માટે તમારી યોગ્યતા ચકાસો.

**Ontario.ca/business**

પર આ નિયમનકારી આવશ્યકતાઓ વિશે **વધુ જાણો.**

Ontario